# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- જમ્મુ કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની ખાત્રી આપતા ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ
- ઉત્તર પ્રદેશના લખનૌમાં ત્રણ માળની ઇમારત ધરાશાયી .. દસને બચાવાયા.. અન્ય કેટલાંક લોકો ફસાયા હોવાની આશંકા
- તેલંગાણા સરકારે 29 જિલ્લાઓને પૂરગ્રસ્ત જિલ્લા જાહેર કર્યા-દરેક જીલ્લાને તાત્કાલિક ધોરણે ત્રણ કરોડની સહાયની જાહેરાત
- પાકિસ્તાનના પખ્તુનખ્વા પ્રાંતમાં ચાર આત્મઘાતી હુમલાખોરોને ઠાર કરાયા લશ્કરી મુખ્યાલય પરના હુમલાને નિષ્ફળ બનાવાયો..
- પેરાલિમ્પિક્સમાં ભારતે અત્યાર સુધીમાં છ સુવર્ણ સહિત 27 ચંદ્રકો જીત્યાગોળાફેંકમાં કાસ્યચંદ્રક વિજેતા હોકાટો હોટોઝને દોઢ કરોડ.. રૂપિયાનું ઇનામ આપવાની નાગાલેન્ડ સરકારની જાહેરાત

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## AMIT SHAH -JAMMU

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે વિધાનસભા ચૂંટણી પછી જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની ખાતરી આપી હતી .જમ્મુમાં એક જાહેર સભાને સંબોધતા, તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આવનારી વિધાનસભા ચૂંટણી ઐતિહાસિક છે કારણ કે મોદી સરકાર

દ્વારા કલમ 370 નાબૂદ કર્યા પછી તે પ્રથમ વખત રાષ્ટ્રીય ધ્વજ અને બંધારણ હેઠળ થઈ રહી છે . શ્રી શાહે કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધન પર 'જૂની સિસ્ટમ'ને પુનર્જીવિત કરવાના પ્રયાસો કરવાનો આરોપ પણ મૂક્યો હતો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સનું ગઠબંધન જમ્મુ કશ્મીરને ફરી એકવાર આતંકવાદની આગમાં ધકેલવાનો પ્રયાસ કરી રહ્યું છે તેમણે . જણાવ્યું હતું કે એનડીએ સરકાર આતંકવાદના પુનરુત્થાન, 'સ્વાયત્તતા' અને ગુર્જરો, પહાડીઓ, બકરવાલ અને દલિતો સહિત કોઈપણ સમુદાય સાથે અન્યાય થવા દેશે નહીં જેમને ભાજપ સરકાર દ્વારા અનામત આપવામાં આવી છે .ગૃહમંત્રી 18 સપ્ટેમ્બરથી શરૂ થનારી ત્રણ તબક્કાની વિધાનસભા ચૂંટણી માટે ભાજપના ચૂંટણી પ્રચારને વેગ આપવા જમ્મુમાં બે દિવસની મુલાકાતે છે.

## BJP- CONGRESS AAP

ભાજપે આજે હરિયાણામાં ગઠબંધનના મુદ્દે કોંગ્રેસ અને આપ પર પ્રહારો કર્યા અને કહ્યું કે વિપક્ષી ગઠબંધનમાં મિશન અને વિઝનનો અભાવ છે આપ-હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ . ગઠબંધનની અટકળો પર પ્રતિક્રિયા આપતા, ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ નવી દિલ્હીમાં કહ્યું કે પંજાબમાં, આપ અને કોંગ્રેસ એકબીજાની વિરુદ્ધ છે અને દિલ્હીમાં, તેઓ પહેલા સાથે હતાતેમણે કહ્યું ., હવે હરિયાણામાં આપ અને કોંગ્રેસ વચ્ચે અનિશ્ચિતતા છે જે તેમની નિરાશા દર્શાવે છે.

## POSHAN MAS

રાષ્ટ્રીય પોષણ માસ હેઠળ, છેલ્લા છ દિવસમાં દેશમાં 1.37 કરોડ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

બાળકોમાં કુપોષણની સમસ્યાને દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલા રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત છેલ્લા છ દિવસમાં દેશભરમાં 1 કરોડ 37 લાખ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતુંમહિલા અને બાળ વિકાસ મંત્રાલયના જણાવ્યા અનુસાર ., 7માં રાષ્ટ્રીય પોષણ મહિનાના 6ઠ્ઠા દિવસ સુધી 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 752 જિલ્લામાંથી આ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે સૌથી વધુ કાર્યક્રમોનું આયોજન .કરનારા રાજ્યોમાં બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, ગુજરાત, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય

છેશિક્ષણ મંત્રાલય ., આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય, આયુષ મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલય આ અભિયાનમાં તેમની ભૂમિકા ભજવી રહ્યા છે.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 31 ઓગસ્ટના રોજ શરૂ કરાયેલો સાતમો રાષ્ટ્રીય પોષણ મહિનો વધુ સારા વહીવટ માટે ટેક્નોલોજીની સાથે એનિમિયા, વૃદ્ધિ પર દેખરેખ, આહાર પૂરવણીઓ અને પોષણ પરના અભ્યાસ જેવા મુખ્ય વિષયો પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

## LKO BUILDING COLLAPSE

ઉત્તર પ્રદેશમાં લખનૌના ટ્રાન્સપોર્ટ નગર વિસ્તારમાં આજે સાંજે હરમિલાપ નામની ત્રણ માળની ઇમારત ધરાશાયી થઈ ગઈ છેકાટમાળ નીચે અનેક લોકો ફસાયા હોવાની આશંકા . રાજ્યના રાહત કમિશનરે આકાશવાણ .છેી સમાચારને જણાવ્યું હતું કે NDRF અને SDRFની ટીમો સહિત બચાવ ટુકડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ઓછામાં ઓછા 10 લોકોને બચાવીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છેતેમણે કહ્યું .અત્યાર સુધી કોઈ જાનહાનિ નથી . કે એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે છે અને બચાવ અને રાહત કાર્ય ચાલીરહ્યું છેમુખ્ય પ્રધાન યોગી . આદિત્યનાથે અધિકારીઓને બચાવ અને રાહત કામગીરી વધુ તીવ્ર બનાવવા સૂચના આપી છે

## TELANGANA -FLOOD

તેલંગાણા સરકારે રાજ્યના 33માંથી 29 જિલ્લાઓને પૂરગ્રસ્ત જિલ્લા જાહેર કર્યા છે . આ દરેક જિલ્લાઓને તાત્કાલિક રાહત કાર્યો કરવા માટે ત્રણ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી હતી .અગાઉ ચાર જિલ્લાઓને પૂરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા અને ત્યાં રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી .હૈદરાબાદમાં મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ 6 સપ્ટેમ્બરે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. રાજ્યના મુખ્ય સચિવ શાંતિ કુમારીએ જણાવ્યું હતું કે ગત મહિનાની 31મીથી આ મહિનાની 3જી તારીખ સુધીમાં નોંધાયેલા વરસાદના આધારે આ જાહેરાત કરવામાં આવી હતી .જિલ્લા કલેક્ટરને સૂચનો આપવામાં આવ્યા છે કે તેઓ સોમવાર સુધીમાં ગણતરી પૂર્ણ કરી પોતાનો રિપોર્ટ મોકલી આપે .વધુ મા જણાવ્યું હતું કે રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે મૃત્યુઆંક વધીને 29 થયો છે .રાજ્ય સરકારે નુકસાનની ગણતરી માટે જિલ્લાવાર વિશેષ અધિકારીની પણ નિમણૂક કરી છે.

## BADARI DHAM VISITORS

બદરીકેદાર ધામની યાત્રાએ ફરી વેગ પકડ્યો-,છે અત્યાર સુધીમાં .20 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન શીશ ઝુકાવ્યું છે અત્યાર સુધીમાં ..20 લાખ 52 હજાર 897 શ્રદ્ધાળુઓ બદ્રીનાથઆગામી દિવસોમાં મુસાફરોની સંખ્યામાં હજુ વધારો .કેદારનાથ ધામ પહોંચ્યા છે-.હાલમાં બંને ધામોમાં દરરોજ પાંચ હજારથી વધુ યાત્રિકો પહોંચી રહ્યા છે .થવાની ધારણા છે બદરીકેદાર મંદિર સમિતિ-, યાત્રાળુઓમાં અપેક્ષિત વધારાને લઈને ઉત્સાહિત છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...**

## PAK-MILITANTS KILLED

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં, ચાર આત્મઘાતી હુમલાખોર માર્યા ગયા છે જ્યારે સુરક્ષા દળોએ લશ્કરી હેડક્વાર્ટર પરના હુમલાને નિષ્ફળ બનાવ્યો છે સૈન્યના .નિવેદન અનુસાર, આ ઘટના આજે મોહમંદ જિલ્લામાં નોંધવામાં આવી હતી જ્યારે ચાર આતંકવાદીઓએ અર્ધલશ્કરી દળના ફ્રન્ટિયર કોર્પ્સ હેડક્વાર્ટર પર હુમલો કર્યો હતો .સિન્હુઆ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર સૈન્યની મીડિયા વિંગ ઇન્ટર-સર્વિસ પબ્લિક રિલેશન્સ, આ વિસ્તારમાં અન્ય કોઈપણ આતંકવાદીઓને ખતમ કરવા માટે ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

## *PALESTINIANS KILLED IN GAZA*

પેલેસ્ટિનિયન સૂત્રોએ જણાવ્યું છે કે મધ્ય અને દક્ષિણ ગાઝા પટ્ટીમાં રહેણાંક મકાનો પર ઇઝરાયેલના બોમ્બમારામાં લગભગ 10 પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. તબીબી કર્મચારીઓના જણાવ્યા અનુસાર ઘણા લોકો કાટમાળ નીચે દટાયા છે. ગાઝા પટ્ટી પર નાકાબંધીને કારણે લોકોને ખોરાક, શુદ્ધ પાણી અને તબીબી સુવિધાઓ આપવામાં અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે.

## PARAGAMES

પેરિસ પેરાલિમ્પિક્સ 2024માં, ભારતે અત્યાર સુધીમાં કુલ 27 ચંદ્રક જીત્યા છે જેમાં 6 સુવર્ણ 9 રજત અને 12 કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે

દોડવીર સિમરન આજે મહિલાઓની 200 મીટર T12 ફાઇનલમાં ભાગ લેશે, દિલીપ ગાવિત પુરુષોની 400 મીટર T47 ફાઇનલમાં અને નવદીપ આજે મેન્સ જેવલિન થ્રો F41 ફાઇનલમાં ભાગ લેશે.

## NAGALAND-CASH AWARD- HOKATO

નાગાલેન્ડ સરકારે પેરિસ પેરાલિમ્પિક્સ ગેમ્સ 2024માં પુરૂષોની F57 ગોળફેંકની ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ ઓલિમ્પિક ચંદ્રક જીતનાર હોકાટો હોટોઝે સેમાને દોઢ કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે .આજે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, મુખ્યમંત્રી નેફિયુ રિયોએ જણાવ્યું હતું કે ગોળફેંકમાં પેરાલિમ્પિક્સ ગેમ્સમાં કાંસ્ય ચંદ્રક જીતવા પર હોકાટો હોટોઝે સેમા માટે રાજ્યને ગર્વ છે .તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર તેમને અર્જુન પુરસ્કાર આપવા માટે તેમના નામની ભારત સરકારને ભલામણ કરશે. શ્રી રિયોએ જણાવ્યું હતું કે તે માત્ર તેમની ઓલિમ્પિક અને એશિયન ગેમ્સની સિદ્ધિઓ માટે જ નહીં પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની તેમની બહાદુરી સેવા માટે પણ અસાધારણ કેસ તરીકે તેમના પ્રમોશન માટે ભારતીય સેના અને સંરક્ષણ મંત્રાલય સાથે પણ વાત કરશે દીમાપુરના .40 વર્ષીય, હોકાટો હોટોઝે સેમા ગોળાફેંકમાં પેરાલિમ્પિક ગેમ્સમાં 14.65 મીટરના થ્રો સાથે કાંસ્ય ચંદ્રક જીતનાર નાગાલેન્ડના પ્રથમ ચંદ્રક વિજેતા બન્યા હતા. હોકાટો હોટોઝે સેમાએ વર્ષ 2002 માં નિયંત્રણ રેખા પર એક ઓપરેશન દરમિયાન લેન્ડમાઇન વિસ્ફોટને કારણે તેમનો પગ ગુમાવ્યો હતો.

## SPACECRAFT RETURN

બોઇંગનું સ્ટારલાઇનર સ્પેસક્રાફ્ટ લગભગ ત્રણ મહિના અવકાશમાં વિતાવ્યા બાદ પૃથ્વી પર પાછું ફર્યું છે જે નાસાના અવકાશયાત્રીઓ બૂચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સને લઈને સ્પેસ સ્ટેશન માટે રવાના થયું હતુંઆ વાહન દ્વારા અવકાશયાત્રીઓને પૃથ્વી પર પાછા . લાવવાના જોખમને ધ્યાનમાં રાખીને, આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર અવકાશયાત્રીઓના રોકાણની અવધિ આઠ દિવસથી વધારીને આઠ મહિના કરવામાં આવી હતીઆ અવકાશયાત્રીઓ . .હવે ફેબ્રુઆરી સુધી પૃથ્વી પર પાછા ફરી શકશે નહીં